WORLD BHARUCHI VAHORA FEDERATION

★ WBVF ★

## પ્રથમ વાર્ષિક સાધારણ સભા - 2022

- ફરજીયાત બચત યોજના
- રીકરીંગ ડીપોઝીટ
- સાદુ બચત ખાતુ
- ફીક્સ્ડ ડીપોઝીટ
- ચાઇલ્ડ સેવિંગ્સ પ્લાન
- પર્સનલ લોન
- બીઝનેસ લોન
- કન્ઝ્યુમર લોન
- એજ્યુકેશન લોન
- સ્ત્રી સશક્તિકરણ લોન

THE WBVF SAVINGS & CREDIT CO-OPERATIVE SOCIETY LTD. BHARUCH

★ WBVF ★

## WBVF સંચાલિત
## ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., ભરૂચ.

"દુઃખ ની બાદબાકી
અને સુખનો સરવાળો"

રજી.કાર્યાલય :-
૧,૨,૩ સન પ્લાઝા કોમ્પલેક્ષ,
કંથારીયા રોડ, ભરૂચ - ૩૯૨૦૦૧
Contact No. : 81415 76166

ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., ભરૂચ.

# મંડળીના કાર્યક્રમોની ઝલક




પ્રથમ સાધારણ સભા



પ્રથમ સાધારણ સભા




ઉદ્દ્‌ઘાટન પ્રસંગની ઝલક




સહુલત માઈક્રોફાઈનાન્સ નવી દિલ્હી સાથે કરવામાં આવેલ કરાર સંદર્ભે મળેલ મીટીંગ



પટની કો.ઓ.સો. સુરત- મુલાકાત



અલ-બરકાહ ક્રેડિટ સો. અમદાવાદ - મુલાકાત



સભાસદ ઝુંબેશ - આમોદ



સભાસદ ઝુંબેશ - જંબુસર



સભાસદ ઝુંબેશ - આછોદ




સભાસદ ઝુંબેશ - કાવી

M.No : +91 8141576166

E-mail : thewbvfcrsoc@gmail.com

WBVF

ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. ભરૂચ.

Reg. No. REG/BHA/SE(B)/41669/2021

રજી. કાર્યાલય : ૧,૨,૩ સન પ્લાઝા કોમ્પ્લેક્ષ, કંથારીયા રોડ, ભરૂચ. ૩૯૨૦૦૧

## ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ સુધીનું આવક જાવક ખાતુ

| આવક | | જાવક | |
|---|---|---|---|
| | રકમ | | રકમ |
| ઉઘડતી સિલક | ૦ | સ્ટેશનરી ખર્ચ | ૪૮૦/- |
| શેર ભંડોળ ૧૧૫x૧૦૦૦ | ૧૧૫૦૦૦/- | હાથ પર સિલક | ૧૭૨૦/- |
| દાખલ ફી ૧૧૫x૧૦૦ | ૧૧૫૦૦/- | ધી ડી.કો.ઓ.બેંક લી. | ૧૨૫૪૦૬/- |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૨૬/- | | |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૧૦૮૦/- | | |
| | | | |
| | | | |
| | ૧૨૭૬૦૬/- | | ૧૨૭૬૦૬/- |


-: Certificate of Registration:-

No.- REG/BHA/SE(B)/41669/2021

This is here by certified, that THE WBVF BACHAT ANE DHIRAAN KARNAARI SAHAKARI MANDALI LIMITED , Bharuch (M), Taluka - Bharuch, District - Bharuch, is registered today as per section 9 of 10th Act of Gujarat of 1962 (Gujarat co-operative societies Act. 1961).

Place :- Bharuch
Date :- 31/05/2021

District Registrar
Co-operative societies,
Government of Gujarat
Bharuch

M.No : +91 8141576166

E-mail : thewbvfcrsoc@gmail.com

# ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. ભરૂચ.

Reg. No. REG/BHA/SE(B)/41669/2021

રજી. કાર્યાલય : ૧,૨,૩ સન પ્લાઝા કોમ્પ્લેક્ષ, કંથારીયા રોડ, ભરૂચ. ૩૯૨૦૦૧

## ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ સુધીનું આવક જાવક ખાતુ

| આવક | | જાવક | |
|---|---|---|---|
| | રકમ | | રકમ |
| બેન્ક સિલક (ધી ડી.કો.ઓ.બેંક લી.ખાતે) | ૧૨૫૪૦૬/- | S.M.S. એલર્ટ | ૨૯.૫/ |
| હાથ સિલક | ૧૭૨૦/- | S.M.S. એલર્ટ | ૨૯.૫/- |
| શેર ભંડોળ ૨૨૨x૧૦૦૦ | ૨૨૨૦૦૦/- | ડેબિટ કાર્ડ | ૨૯૫/- |
| દાખલ ફી ૨૨૨x૧૦૦ | ૨૨૨૦૦/- | હાથ પર સિલક | ૧૫૮૦/- |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૧૨૦૩/- | ધી ડી.કો.ઓ.બેંક લી. | ૧૨૯૫૧૩/- |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૯૮૯/- | બેંક ઓફ બરોડા | ૨૪૩૯૮૬/- |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૯૬૪/- | | |
| વ્યાજ- ધી ડી.કો.ઓ.બેંક લી. | ૯૫૧/- | | |
| | | | |
| | ૩૭૫૪૩૩/- | | ૩૭૫૪૩૩/- |

M.No : +91 8141576166

E-mail : thewbvfcrsoc@gmail.com

# ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. ભરૂચ.

Reg. No. REG/BHA/SE(B)/41669/2021

રજી. કાર્યાલય : ૧,૨,૩ ગ્રાઉન્ડ ફ્લોર, સન પ્લાઝા કોમ્પ્લેક્ષ, કંથારીયા રોડ, ભરૂચ. ૩૯૨૦૦૧

તા.૦૧-૦૯-૨૦૨૨

ભરૂચ

## ઈન્ટર્નલ ઓડિટ રિપોર્ટ

સામાન્ય શેરો :- ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. ભરૂચના આંતરિક હિસાબોનું અન્વેષણ શરૂઆત એટલે કે તા.૨૧-૦૯-૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૨ સુધીના સમયનું મંડળીના હોદ્દેદારો તરફથી રજૂ કરવામાં આવેલ હિસાબી દફતર, હિસાબી પત્રકો તથા રૂબરૂમાં રજુ કરવામાં આવેલ મૌખિક ખુલાસાઓને આધીન રહીને કરવામાં આવેલ છે.

સભ્ય સંખ્યા :- ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ સભ્ય સંખ્યા **૩૩૭** થયેલ છે.

આંતરિક અંકુશ:- મંડળીએ આંતરિક ઓડિટના સમય દરમિયાન મેનેજીંગ કમીટીની ૦૩ સભાઓ બોલાવી, પેટાનિયમ અનુસાર કામકાજ હાથ ધરેલ છે. ઉપરાંત પેટાનિયમ અનુસાર વાર્ષિક સાધારણ સભા બોલાવી પેટાનિયમ મુજબની પ્રવૃત્તિ હાથ ધરેલ છે.

સૂચન :- મંડળીની મેનેજીંગ કમીટીના સભ્યો સહકારી પ્રવૃત્તિના અનુભવી, સજાગ, ખંતીલા અને સહકારી પ્રવૃત્તિમાં ખૂબ જ ઉત્સાહ ધરાવતા હોય,મંડળી તેના પેટાનિયમ અનુસાર બચત અને ધિરાણ પ્રવૃત્તિ શરૂ કરે તેવો અનુરોધ છે.

સહી
આંતરિક અન્વેષક
ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.ભરૂચ

## સભાસદ બનવા માટે શું કરવું?

**ભરૂચ શહેર, ભરૂચ તાલુકા, આમોદ તાલુકા, જંબુસર તાલુકા, વાગરા તાલુકા ના ૧૮ વર્ષ કે તેથી વધુ વયના સ્ત્રી, પુરૂષો મંડળીના સભાસદ બની શકશે.**

- મંડળીએ નિયત કરેલ ફોર્મ ભરવું. (અધૂરૂ ભરેલુ ફોર્મ સ્વીકારવામાં નહી આવે.)
- આધાર કાર્ડ, લાઈટ બિલ, પાન કાર્ડની સ્વપ્રમાણિત ઝેરોક્ષકોપી ફોર્મ સાથે જોડવી.
- હાલના પાસપોર્ટ સાઈઝના ફોટા. (નંગ-૨)
- રૂા. ૧૦૦/- દાખલ ફી તથા રૂા. ૨૫૦ નો એક એવા ૪ શેરના રૂા. ૧૦૦૦/- આમ કુલ રૂા. ૧,૧૦૦/- જમા કરાવવા.

M.No : +91 8141576166

E-mail : thewbvfcrsoc@gmail.com

## ધી **WBVF** બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.ભરૂચની સ્થાપના તા.**31.05.2021** થી તા.**31.03.2022** સુધી થયેલ કાર્યોનો વિસ્તૃત અહેવાલ

પ્રયત્નના કડાઓ જોડાય અને સફળતાની સાંકળ બને એ ઉક્તિ સાર્થક થતા આપણી કો.ઓ. સોસાયટીને તા.**31.05.2021** ના રોજ ભરૂચ જિલ્લા સહકારી રજીસ્ટ્રાર દ્વારા ભરૂચ, આમોદ, જંબુસર, વાગરા આમ ભરૂચ શહેર ઉપરાંત ચાર તાલુકાઓ માટે મંજુરી આપવામાં આવી. મંડળીની નોંધણી માટેની ચળવળની શરૂઆતથી તા.**31.03.2022** સુધીમાં **337** સભ્યો બન્યા છે. પ્રથમ સાધારણ સભાના ઠરાવ મુજબ સભ્યો સાથે તેમના ફરજિયાત રિકરિંગ ડિપોઝિટ એકાઉન્ટ ખોલાવવાના માર્ગે કામગીરી આગળ ધપાવી રહયા છે.

વિશેષ આંકડાકિય વિશ્લેષણ નીચે મુજબ છે.

સભાસદ પ્રવેશ ફી તરીકે રૂા.**33,700/-** (રૂા.**100 X 337**) અને શેર મૂડી તરીકે રૂા.**3,37,000/-** (રૂા.**1000 X 337**) મળેલ છે.

**તા. 31.03.2022 સુધીનું બેલેન્સ :**

| | | |
|---|---|---|
| બેંક ઓફ બરોડા ખાતે | રૂા. | 2,43,986.00 |
| ભરૂચ જિ.કો.ઓપ.બેંક ખાતે | રૂા. | 1,29,513.00 |
| હાથ પર રોકડ | રૂા. | 1,580.00 |
| કુલ બેલેન્સ | રૂા. | 3,75,079.00 |

- રોજબરોજની પ્રવૃત્તિઓ, સોફ્ટવેર સપોર્ટ, સભ્યો માટે SMS સુવિધા વગેરેમાં ટેકનિકલ સપોર્ટ અને માર્ગદર્શન અર્થે અમો સહુલત માઈક્રોફાઈનાન્સ સોસાયટી, નવી દિલ્હી સાથે સંલગ્નતા માટેના કરાર કર્યા છે.
- સહુલત માઈક્રોફાઈનાન્સ સોસાયટી દ્વારા આપવામાં આવતી 15 દિવસની તાલીમ આપણા સ્ટાફ સભ્ય સલીમભાઈ પટેલ ને અલ-બરકહ કો.ઓપ. સોસાયટી અમદાવાદ ખાતે આપવામાં આવી.
- આપણી કો.ઓપ સોસાયટીના કમ્પ્યુટર સિસ્ટમમાં તા.14.04.2022 ના રોજ ખૂબ જ સરળ રીતે કામ કરતું ફ્રી સોફ્ટવેર ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું.
- સહુલત માઈક્રોફાઈનાન્સ સોસાયટી તરફથી આપણા સ્ટાફને On the Job ટ્રેનિંગ આપવા તેમજ ટેક્નિકલ અને સિસ્ટમ સંબંધિત સમસ્યાઓના નિરાકરણ અર્થે ભરૂચમાં અધિકારી મોકલી ટેક્નિકલ સમસ્યાઓ હલ કરી હતી.
- SMS એલર્ટ સિસ્ટમ 09.07.2022 થી શરૂ કરવામાં આવી જેના થકી સભાસદો દ્વારા કરવામાં આવતા નાણાંકિય વ્યવહારો અને તેમના ખાતાની સિલક ની ત્વરીત જાણ કરવામાં આવે છે.
- સભ્યપદના પ્રચાર માટે, વ્યક્તિઓનો સંપર્ક કરવા ઉપરાંત, ભરૂચ શહેરની વિવિધ સોસાયટીઓ અને જુદા-જુદા ગામો જેવા કે આમોદ, જંબુસર, આછોદ, કાવી, ખાનપુર, સારોદ, ટંકારીયા ખાતે વિવિધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું. તેમજ શિષ્યવૃતિના લાભાર્થીઓના માતા-પિતા અને ધોરણ 5 થી 8 ના ટોપ -5 વિદ્યાર્થીઓના માતાપિતાનો અમો સંપર્ક સાધી રહયા છે.

M.No : +91 8141576166

E-mail : thewbvfcrsoc@gmail.com

## :: વિવિધ પ્રકારની કાર્યરત ડિપોઝીટ યોજનાઓ ::

1. સાદું બચત ખાતુ (Simple Savings A/c)
2. વિદ્યાર્થી બચત યોજના (Student Support Savings Scheme)
3. ફરજિયાત રિકરીંગ ડિપોઝિટ એકાઉન્ટ યોજના (Compulsory Recurring Deposit Scheme)
4. ફિક્સ્ડ ડિપોઝિટ એકાઉન્ટ (Fixed Deposit A/c)
   - ટુંકા ગાળાની ડિપોઝિટ (સમય 3 મહિના થી 1 વર્ષ)
   - લાંબા ગાળાની ડિપોઝિટ (સમય 1 વર્ષ અને તેથી વધુ)
   - પ્લેટિનમ ફિક્સ્ડ ડિપોઝિટ (3 વર્ષ અને તેથી વધુ)
     પ્લેટિનમ ફિક્સ્ડ ડિપોઝિટ માં 3 વર્ષથી કે તેથી વધુ સમય માટે રકમ જમા કરવાની રહેશે. આ યોજનાનો મુખ્ય વિશેષાધિકાર એ છે કે તેમના માટે ખૂબ જ જાણીતા એવા જરૂરિયાતમંદ સભાસદને લોન માટે ની ભલામણ કરી શકે છે.

બચત અને રિકરીંગ ડિપોઝીટ ખાતા માટે પાસ-બુક આપવામાં આવશે અને ફિક્સ્ડ ડિપોઝીટ ખાતાધારકને ફિક્સ્ડ ડિપોઝીટની રસીદ આપવામાં આવશે.

**નોંધ : આપના નાણાં જેટલા રાષ્ટ્રીયકૃત બેંકમાં સલામત છે એટલા જ આપણી કો.ઓપ.સોસાયટીમાં પણ સલામત છે.**

## :: લોન યોજના ::

1. પર્સનલ લોન :

હેતુ :

- નાના ધંધાદારી વ્યક્તિઓને આર્થિક રીતે મજબૂત બનાવવા જેમકે ફળ અને શાકભાજીના વેપારી, ગામડાઓમાં લારી-ગલ્લાના માલિકો, ફેરિયાઓ, થ્રી વ્હીલર ટેમ્પો/ઓટો-રિક્ષા ચાલકો વિગેરે.
- ખાનગી શ્રોફ અથવા વ્યક્તિ પાસેથી વ્યાજ પર લીધેલું દેવું ચૂકવવા માટે.
- શિક્ષણ ફી ચૂકવવા અથવા આકસ્મિક સારવાર ખર્ચની વ્યવસ્થા કરવા માટે.
- સરિયાહ દ્વારા પ્રતિબંધિત સિવાય ના કોઈપણ વાસ્તવિક હેતુ માટે.

પાત્રતા :

- ઓછામાં ઓછા 6 મહિના જુના સભ્ય હોવા જોઈએ
- ફરજિયાત રિકરીંગ ખાતુ ખોલાવેલુ હોવુ જોઈએ અને તેમાં લોન અરજીની તારીખ સુધીની ડિપોઝીટ જમા હોવી જોઈએ.

જામીન :

- બે જામીનદારો જેમા એક આપણી સોસાયટીનો નિયમિત સભ્ય હોય કે જેઓનું ફરજિયાત રિકરીંગ ખાતુ ખોલાવેલુ હોવુ જોઈએ અને તેમાં લોન અરજીની તારીખ સુધીની ડિપોઝીટ જમા હોવી જોઈએ.
- બીજો સરકારી કર્મચારી હોય અથવા ઈન્કમટેક્ષ ભરતો અને GST નંબર ધરાવતો વેપારી હોય તેવી વ્યક્તિ.

**મર્યાદા :**

વર્તમાન ધિરાણ નક્કી કરવામાં આવેલ હાલની મહત્તમ મર્યાદા રૂા. 20,000/- જે દર મહિને રૂા.1,000/- ના 20 હપ્તામાં ચૂકવવાપાત્ર છે. (તા.14.08.2022 ના રોજ યોજાયેલી કારોબારી કમિટીની બેઠકમાં ધિરાણ આપવાની શરૂઆત ઓક્ટોબર-2022 માં કરવા માટે નિર્ણય લેવાયો છે. જે તા.25.09.2022 ના રોજ મળનારી સાધારણ સભામાં મંજુર થયેથી અમલ કરવામાં આવશે.) અમે તમામ BOD સભ્યોને સભ્ય બનવા અને બનાવવા તેમજ પ્લેટિનમ ફિક્સ્ડ ડિપોઝિટમાં વધારેમાં વધારે રકમ મુકવા વિનંતી કરીએ છીએ. જેથી જરૂરિયાતમંદ વ્યક્તિઓને લોન દ્વારા મદદ કરી સમાજને આર્થિક રીતે મજબૂત કરવાના આપણા ધ્યેયને પ્રાપ્ત કરી શકીએ.

## :: ભવિષ્યની યોજનાઓ ::

- કો.ઓપ. સોસાયટીને પગભર બનાવવી અને સભ્યોને વાજબી કિંમતે ગુણવત્તાયુક્ત વસ્તુઓ પુરી પાડવી.
- આગામી રમજાન મહિનામાં રમજાન સંબંધિત વસ્તુઓ વેચવા માટે કિફાયત ભાવનો એક સ્ટોર શરૂ કરવો.
- વાર્ષિક ધોરણે ભરવામાં આવતુ અનાજ, ખાદ્યતેલ, મરી-મસાલા તેમજ અન્ય વસ્તુઓ વગેરેનું વેચાણ કરવુ.
- વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટ-બુક્સ અને અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનરી વસ્તુઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવુ.
- આપણા સમાજની મહિલાઓ અને યુવાનોના સશક્તિકરણ માટે ;
  - અમે સ્વ-સહાય જુથો બનાવી નાના ગૃહ ઉદ્યોગ માટે મહિલાઓ અને યુવાનોને પ્રોત્સાહન આપી મહિલાઓ પાપડ, અથાણું, સમોસાના પડ, વસાણા જેમ કે મેથી, મગઝ વગેરે અને યુવાનો સાબુ, ડીટરજન્ટ પાવડર, વાસણ ધોવાનું તેલ, મીણબત્તી, પતંગ વગેરે બનાવી આ વસ્તુઓ બજારમાં વેચીને નફો મેળવી શકે તેવું આયોજન કરીશું.
  - અમે યુવાનોને મોબાઈલ, કોમ્પ્યુટર/લેપટોપ, ટીવી રીપેરીંગ માટે લોન દ્વારા નાણાંકીય સહાય સાથે તાલીમ આપવાનું પણ આયોજન કરીશું.

ઉપરોક્ત યોજનાઓના અમલીકરણ દ્વારા આપણે આપણા સમાજને સ્વાવલંબી અને સશક્ત બનાવી શકીશું.

*"આપણા સમાજને સ્વાવલંબી, સશક્ત અને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે" અમે ધીમી ગતિએ આગળ વધી રહ્યા છીએ ત્યારે આપ સૌના સાથ-સહકાર તેમજ આદરણીય BOD સભ્યોના સમર્થન અને દુવાથી અમે આવનારા દિવસોમાં ચોક્કસપણે વધુને વધુ ઊંચાઈઓ સર કરીશું તેમાં કોઈ શક નથી. ઈન્શાઅલ્લાહ...*

Book Post

To, ____________________

____________________

**ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી., ભરૂચ.**

રજી.કાર્યાલય :- ૧,૨,૩ સન પ્લાઝા કોમ્પલેક્ષ, કંથારીયા રોડ, ભરૂચ - ૩૯૨૦૦૧

Contact No. : 81415 76166